# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

શ્રી ઉપેન્દ્રકુમાર દલસુખભાઇ પ્રજાપતિ તથા અન્ય ગામ. ગોરવા જી.વડોદરાના રે.સ.નં.૪૬૩,૪૬૪,૪૬૬/૧, ૪૭૦,૪૬૮,૪૬૯,૪૭૧,૪૭૨,૪૭૩, ઓ.પી.નં.૭૧,૭૨ ફા.પ્લોટ ન.૭૧,૭૨, ટી.પી.સ્કીમન.૧ (ગોરવા-અંકોડીયા) વાળી જમીનમાં ક્ષેત્રફળ ૪૨૧૩૦.૦૦ ચો.મી. માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર ૮૭૧૮.૭૩ ચો.મી. ફર્સ્ટ ફ્લોર ૧૪૯૮૨.૪૯ ચો.મી. સેકન્ડ ફ્લોર ૮૩૮૭.૭૧ ચો.મી. થર્ડ ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી. ફોર્થ ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી. ફીફ્થ ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી. સીકસ ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી., સેવન ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી., એઇટ ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી., નાઇન ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી., ટેન્થ ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી., ઇલેવન ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી., ટવેલ્થ ફ્લોર ૨૯૪૭.૧૫ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૬૧૫૬૦.૪૩ ચો.મી.માં ૧૩૯ રહેણાંક મકાનો, ત્રણ હાઇરાઇઝ બિલ્ડીંગમાં ૧૯૨ ફ્લેટસ તથા કોમન પ્લોટમાં બે ક્લબહાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૬૩૨ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૩. જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૪. સવાલવાળી જમીન સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ મુસદ્દારૂપ ન.ર.યો ગોરવા-અંકોડીયાનં.૧ માં સ્થિત હોઇ ભવિષ્યમાં સરકારશ્રી અથવા નગર રચના અધિકારીશ્રી દ્વારા હદો તથા ક્ષેત્રફળ ફેરફારને પાત્ર રહેશે તથા મુળખંડમાં સમાવિષ્ટ અંતિમખંડ પુરતું જ બાંધકામ કરવાનું રહેશે.

૫. બાંધકામ શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ ૨(d) સ્ટ્રકચરલ ડ્રોઇંગ તથા સોઇલ ટેસ્ટ રિપોર્ટ રજુ કરવાના રહેશે.

૬. સવાલવાળી જમીનમાં બાંધકામનું ક્ષેત્રફળ ૨૦૦૦૦ ચો.મી. કરતા વધુ થતુ હોઇ એન્વાયરમેન્ટ કલીયરન્સ મેળવી રજુ કરવાનું રહેશે ત્યાં સુધી ૨૦૦૦૦ ચો.મી. કરતા વધુ બાંધકામ કરી શકાશે નહી.

૭. હાઇરાઇઝ બિલ્ડીંગની પરવાનગી પરત્વે ચીફ ફાયર ઓફિસર દ્વારા તા. ૧૮/૦૬/૧૬ના પત્રથી ફાયર એન.ઓ.સી. આપેલ છે. જેમાં દર્શાવેલ શરતોનું પાલન કરવા શરત રાખવાની રહેશે.

૮. હાઇરાઇઝ બિલ્ડીંગની પરવાનગી પરત્વે એરપોર્ટ એન.ઓ.સી. રજુ થયેલ ન હોઇ એન.ઓ.સી. મળતા સુધી ફક્ત લોરાઇઝ બાંધકામ કરવા અંગે શરત રાખવાની રહેશે.

૯. કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-ર/પરવાનગી/ ૧૪૭ /૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. ૫ /૦૭/૨૦૧૬

નકલ રવાના પ્રતિ :-